શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

**અવલોકન ગ્રંથમાળા**

છાણાં થાપી આવ્યાં
ઓતરાતી દીવાલો ભાગ–૧
ઓતરાતી દીવાલો ભાગ–૨
ગામમાં
મામાની જાળ્ય
વાડામાં
ધોબીડો ધુવે છે
ગામડામાં મળજો

•


આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

•

**રમ્યકથા ગ્રંથમાળા**
**ગાતી ગ્રંથમાળા**
**જ્ઞાનવર્ધક ગ્રંથમાળા**
**કથાનાટ્ય ગ્રંથમાળા**
**ચાલો પ્રવાસે ગ્રંથમાળા**
**પશુપક્ષી ગ્રંથમાળા**
**જીવનપરિચય ગ્રંથમાળા**
**હાસ્યવિનોદ ગ્રંથમાળા**
**પાઠપોથી ગ્રંથમાળા**

**આર. આર. શેઠની કંપની**
મુંબઈ–૨ * અમદાવાદ–૧

ટાઈટલ : ન્યૂ સિટી પ્રેસ, અમદાવાદ.



શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

# અવલોકન ગ્રંથમાળા

## મામાની જાળ્ય

સંપાદકો : ગિજુભાઈ
અને તારાબેન





શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## અવલોકન ગ્રંથમાળા

●

# મામાની જાળ્ય

: લેખક :

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૪૦૦૦૦૨ * અમદાવાદ-૩૮૦૦૦૧

©
પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
ઑક્ટોબર ૧૯૭૬
પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂ. ૧૦-૦૦
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (જિ. ભાવનગર)

# મામાની જાળ્ય

અમે બધાએ નિશ્ચય જ કર્યો હતો કે મામાની જાળ્યે બપોરના બરાબર બાર વાગે જવું ને એક વાર તો જોવું કે ત્યાં શું થાય છે.

હું, ચંદુ, ગોપાળ, ભાસ્કર અને દામુ પાંચ જણા હતા. હતા તો પાંચે જણાં છાતી-વાળા; પાંચેને કંઈક કરવાનો શોખ હતો. અમા-રામાંથી એકે ય જણ ભૂતપલિતમાં જરા પણ માને નહિ. હું સોળ વર્ષનો, ચંદુ તેરનો, ગોપાળ બારનો ને ભાસ્કર પણ બારનો, અને દામુ દસ વરસ ને સાત માસનો.

લોકો કહેતા હતા કે રોજ બારને ટકોરે જાળ્ય હલવા માંડે છે. એવી હલે; એવી હલે, કે જાણે મામો ધૂણે છે. ને જે મામાને ધૂણતા જુએ તે ધૂણવા જ માંડે! પૂરા છ માસ ધૂણ્યા જ કરે. દવા કરે, દારૂ કરે, ધૂપ કરે; ધાપ કરે, ગમે તે

જાળ્ય=પીલુડી

કરે પણ માણુસ ધૂણુતા બંધ રહે જ નહિ.

અમને આ વાત ગળે ઊતરે જ નહિ; વાત કેવળ ખોટી જ લાગે.

પાડોશમાં ગૌરીશંકર ભાભા રહેતા હતા. તે કહે : " જો વાત ખોટી લાગતી હોય તો કરો ખાતરી. ત્યાં ક્યાં મામો દૂર છે? આ બે ગાઉ ઉપર જાળ્યોના વનમાં મામાની જાળ્ય છે. પણ જોજો, હોં ! "

બસ તે દિવસે અમે નિશ્ચય જ કર્યો કે એક વાર તો મામાની જાળ્યે જવું જ, ને જાતે જ બધું જોવું.

જાળ્યના મામાની વાત આમ હતી.

મામો મૂળ ભરવાડ હતો. કોળી સાથે એક વાર ભરવાડોને વઢવાડ થઈ, અને કોળીઓએ દગો કરીને તેને માર્યો. મામો એકલો અને સામે સો કોળી હતા. મામાની ડાંગ એવડી મોટી લાંબી હતી કે કોઇથી ઊપડી ઊપડે નહિ. ને મામાના હાથનો પંજો જુઓ તો જાણે સિંહનો પંજો ! મામો ચાલ્યો આવતો હોય તો કોઈ ને લાગે કે હાથી ચાલ્યો આવે છે.



બસ, મામો અને એની ભેંશ બે જણાં જાળ્ય નીચે રહે. મામો ભેંશનું દૂધ પીએ ને કોળીઓ સાથે લડ્યા કરે; કોળી લોકો કેમે કરી મામાને જીતે નહિ. પછી કોળીઓએ કપટ કર્યું. એક જણે મામાની ભાણેજવહુનો વેશ લીધો; માથે લોબડી ઓઢી, ઉપર કાંબીકડલાં પહેર્યાં અને ડોકમાં કીડિયાસેર નાખી જરા આઘું ઓઢીને ચાલ્યો.

મામો કહે : " કોણ આવે છે ? "

ધૂમટામાંથી કોળીએ જવાબ આપ્યો : " એ ભાણાની વહુવારુ. "

મામો બોલ્યો નહિ ને વહુ પાસે આવ્યાં. પાસે આવી વહુએ તાંબડીમાંથી તાંસળી ભરી દૂધ ને રોટલા મામાને આપ્યા. ઘણા દિવસે રોટલા મળ્યા જોઈ મામા હરખાયા ને હાશ કરીને હેઠે બેઠા, અને રોટલા ને દૂધ ખાવા માંડ્યા. નીચું માથું ઘાલી મામા ખાતા હતા. ત્યાં વહુ ઊભાં થયાં ને પાછળ ગયાં. મામાને કશો વહેમ પડ્યો નહિ. તો યે મામા પાછું વળીને જોવા જાય છે

---

લોબડી=ઊનનું ઓઢણું કીડિયાસેર=કીડિયાની કંઠી
આઘું ઓઢવું=નાનકડી ટૂંકડી લાજ કાઢવી

ત્યાં તો મામાના ગળા પર ઝાટકો પડ્યો. મોમાં રોટલાનું બટકું રહી ગયું, ને માથું ધડથી જુદું પડ્યું !

મામો ઘણો જબરો હતો, પણ દગો થયો ત્યાં શું થાય ?

મામાની પાછળ કોઈ ન હતું કે એનો પાળિયો કરે ને એને ગતે પહોંચાડે. એટલે મામા ભૂત થયેલા ને જાળ્યમાં રહેલા. જે ત્યાંથી નીકળે એને કનડે; કોળીના દીકરાને તો દીઠો ન મૂકે. બપોરના બાર વાગે એટલે મામો ધૂણે, મામો ધૂણે એટલે આખી જાળ્ય ધૂણે, ને મામાની જાળ્ય ધૂણે એટલે બધી જાળ્યો ધૂણે. ત્યાં કોઈ જાય તો એ પણ ધૂણે.

આ પ્રમાણેની આજુબાજુનાં ગામોમાં વાતો ચાલતી. ઘરડાં ડોસાડગરાથી માંડીને છેક નાનાં છોકરાઓ સુધી સૌ આ વાત જાણે.

અમે તો જાતની જ ખાતરી કરવા ધારેલું એટલે અમે ઊપડ્યા.

---

ઝાટકો=તલવારનો ઘા

પાળિયો=શૂરવીર મરે તે જગ્યાએ તેની યાદગીરી માટે મૂકેલા સ્વારના ચીતર ને લેખવાળો પથરો–ખાંભી



હું મોઢા આગળ, પાછળ ચંદુ, તે પછી ગોપાળ, પછી ભાસ્કર ને પછી દામુ.

અમારા બધાના હાથમાં લાકડીઓ હતી. દામુએ અને ભાસ્કરે તો ખિસ્સામાં પથરા ય ભર્યા હતા.

ગોપાળ કહે : “ અલ્યા એ, ત્યાં શું કૂતરાં હાંકવા જવું છે તે પથરા લીધા છે? જો કોઈ હશે તો લાકડીબાકડી કામ નહિ આવે. ”

પણ ગોપાળ વારે વારે ખિસ્સામાં હાથ નાખતો હતો ને પાછો બહાર કાઢતો હતો.

મને વહેમ ગયો. “ અલ્યા ગોપાળ ! ખિસ્સામાં શું લાવ્યો છે ? ”

“ એ તો લોઢાનો કટકો છે. પાસે લોઢાનો કટકો હોય તો ભૂત ભાગી જાય. ”

“ અરે ! ગાંડા ! ભૂત ભાગી જશે તો તો જોવાનું શું મળશે ? બીકણ લાગે છે, બીકણ ! એવું વળી કોણે કહ્યું કે લોઢાને કટકે ભૂત ભાગે ! જો અમારી સાથે આવવું હોય તો એ નાખી દે. ”

ગોપાળનો હાથ જરા ધ્રૂજ્યો પણ તેણે લોઢાનો કટકો નાખી દીધો.

અમે આગળ ચાલ્યા. અમારો આ પહેલો

અનુભવ હતો. વખતે મામો ધૂણે તો ? તો બીવું નહિ એવો અમારો ઠરાવ હતો, પણ અમે તો એમ નક્કી કરીને ગયા હતા કે બધી વાત જ ખોટી છે. એવું કદી બને જ નહિ. ભૂતબૂતના નાહકના વહેમો છે.

ઘડિયાળ તો પાસે ન હતી, પણ આકાશ સામે અમે જોતા હતા. હજી સૂરજ બરાબર માથે આવ્યો ન હતો; તેથી અમારા પડછાયા હજી જરા જરા દૂર પડતા હતા.

દૂરથી મામાવાળી જાળ્ય દેખાઇ. લોકોને અમે નિશાન પૂછી લીધું હતું.

દામુ જરા પાછળ રહી ગયો હતો. મેં પાછા વળીને પૂછ્યું : " કાં, દામુ! આવવું છે ના ? "

દામુ કહે : " હા. "

પણ દામુની છાતી ઉપર હાથ મૂક્યો તો તે ધબકતી હતી. મેં કહ્યું : " જો, ખોટો ન બીતો. જોઈ પેલી જાળ્ય ? એ જ મામાની. છે એમાં કાંઈ વધારે? જેવી બીજી જાળ્યો છે, એવી જ એ પણ છે ના ? "

મેં ખોંખારો મારી સૌને હિંમત આપી.



જરા જરા મારું કાળજું પણ ઊંચું તો થતું જ હતું; પણ હું તો સાથી મોટો હતો. હું ડરું તો સૌ માર્યા જાય ના ?

સૂરજ માથે આવ્યો ને ખરા બપોર થયા. અમને થયું : " એ હમણાં મામો ધૂણશે. એ ધૂણ્યો; એ જાળ્ય હલી; એ....એ....એ... "

પણ ત્યાં તો કાંઈ ન થયું.

અમે બધા વીશ હાથ છેટે આવી પહોંચ્યા હતા. ટટાર અને છાતી કાઢીને ઊભા હતા. ગોપાળ તો ઉપલા મૂછ વિનાના હોઠ ઉપર આંગળાં ફેરવી ખોંખારા મારતો હતો.

મેં કહ્યું : " કાં, છે કાંઈ? ધૂણે છે કોઈ? બધાં ગપ્પેગપ્પાં ! ચાલો, હવે જાળ્ય ઉપર જ ચડીએ ને પીલુ ખાઈએ. "

અમે જરા આગળ ચાલ્યા. ભાસ્કર કહે : " બસ, હવે જોઈ લીધું. હવે આપણે ઉપર શું કામ ચડવું ? "

એના મનમાં બીક હશે કે કોણ જાણે, ઉપર ચડીએ, ને....

પણ ત્યાં તો વા વાયો ને ધૂળ ઊડી. ને

જાળ્ય હલી. દામુથી ચીસ નખાઈ ગઈ: "ઓ બાપ રે!" ભાસ્કર આંખો મીંચી બેસી ગયો. મારી છાતી પણ જરા હબકી ગઈ. ગોપાળે ખિસ્સામાં હાથ નાખ્યો પણ લોઢું જ ન હતું!

અમારી હિંમતની કસોટી તો થઈ ગઈ. પણ જરા વાર રહીને પવન શાંત પડી ગયો ને પછી જાળ્ય સ્થિર થઈ ગઈ.

મેં કહ્યું: "એ તો જરાક વા આવ્યો; નકામાં ગભરાવું નહિ. જુઓ, વા આવ્યો તો શું થયું? એમ તો વા આવે ય તે ને જાળ્યો હલે ય તે."

મેં સૌને ઉપાડયા, ને અમે જાળ્ય ઉપર ચડ્યા. જાળ્ય ઉપર સુંદર મીઠાં પીલુ હતાં: રંગબેરંગી ને ગળ્યાં ગળ્યાં. અમે તો ખાવા મંડી પડ્યા, ખાતાં ખાતાં મામાને જરા વાર તો ભૂલી પણ ગયા.

વળી થોડી વારે પવન આવ્યો ને જાળ્યો હલી. સાવધાન થઈ ને મેં કહ્યું: "જો દામુ! પવન આવ્યો. ડરતાં નહિ, હો!"

દામુએ ખોંખારો માર્યો; ભાસ્કરે છાતી પર

---

સાવધાન=હોશિયાર



હાથ ઠપકાર્યો. ગોપાળ કહે: "અરે મામો બામો બધા વહેમ! આ મામાની જાળ્ય પર બેઠાબેઠા ખાસ્સાં પીલુ ખાઈએ છીએ ને?"

વળી પવન આવ્યો ને જાળ્યો હલી. પછી તો અમે ગમ્મત કરવા લાગ્યા. પવન આવે એટલે અમે કહીએ: "એ મામો આવ્યો, એ મામો આવ્યો!"

ચાર વાગ્યા સુધી ખૂબ પીલુ ખાધાં ને મજા કરી. પીલુની થોડીએક ડાંખળીઓ પણ કાપી લીધી ને સાંજે ઘેર આવ્યા.

સાંજે ઘેર આવીએ ત્યાં બા અને બાપા ને ગોપાળના મોટાભાઈ ને દામુના કાકા: બધાં ધૂંવાં પૂવાં થઈ ગયેલાં, ને મનમાં ચિંતા પણ પેઠેલી. કોઈએ કહેલું: "મામાની જાળ્ય તરફ છોકરા જતા હતા." એટલે એ બધાં તો ઢીલાં ઘેંસ થઈ ગયેલાં. બાએ તો મામાની માનતા પણ કરી નાખેલી!

અમે બધા ઘેર આવ્યા ને સૌને બધી વાત કરી.

બધાં વાત માને જ નહિ તો! સૌ કહે:

"મામાની જાળ્ય નહિ હોય; કોઈ બીજી હશે. મામાની પાસે ગયા હો તો તો બધા ધૃણુતા જ આવો ને! ઈ કાકો મામો એમ ને એમ કોઈ કાળે આવવા દે?"

અમે કહ્યું: "અમે હવે બીજું માનીએ જ નહિ તો! ઈ તમારો મામો ને કાકો બધા વહેમ છે. અમે તો મામાના માથા પર ચડીને પીલુ ખાઈ આવ્યા. લ્યો, તમે પણ થોડા ખાવ."

તે દિવસના અમારા સાહસથી અમને હિંમત આવી હતી. મનમાં થયું: "એવાં બધાં ભૂતિયાં ઠેકાણે આપણે જવું ને બીવા જેવું કંઈ જ નથી એમ સૌને બતાવી આપવું."

પણ તે દિવસથી માબાપો અમારી ઉપર નજર રાખતાં હતાં. અમે ક્યાં જઈએ છીએ ને શું કરીએ છીએ તેની ખબર મેળવ્યા કરતાં એટલે આ વખતે અમારે છાનામાના લાગ જોઈને જ જવાનું હતું.

એવો વિચાર કર્યો કે નિશાળમાં પાણી પેશાબની રજા પડે ત્યારે ઘેર જવાનું બહાનું કાઢી સીધા ખોખલી વાવે જવું ને ત્યાંની આંબલીના કાતરા લઈ આવવા.



લોકવાણી એવી હતી કે ખોખલી વાવની આંબલીના થડમાં મેલડી રહે છે; જે કોઈ ત્યાં જાય અને એની આંબલી ખાય એની આંખો મેલડી કાઢી લે છે.

એ વાત સાચી કે આંબલી ઘણી જૂની હતી. બે મોટી ટેકરીઓની ગાળીમાં તે આવેલી હતી. થડ પાસે એક પથરો હતો ને બાર વરસે તેનો ભૂવો ત્યાં જઈને તેને સિંદૂર ચડાવતો. બધા કહેતા કે એ ભૂવાને પણ બાર વરસે એક વાર જવાનો હુકમ છે. આ ઉપરાંત બીજીત્રીજી વાતોનો તો પાર ન હતો. કોઈ કહેતું કે આંબલીમાંથી ઘૂ ઘૂ એવો માનો ઊંઘવાનો અવાજ આવે છે; કોઈ કહેતું કે સાંજ પડે એટલે એ આંબલી મટી માતા થઈ જાય છે, ને હાથમાં દીવા લઈને બીજી જોગણીઓ સાથે રમે છે. રાતે છોકરાં રડતાં હોય ત્યારે મા છોકરાંઓને કહેતી: "સૂઈ જાવ; ઓલી આંબલીવાળી આવશે."

હવે આવી બાબતમાંથી અમારો વિશ્વાસ ઊઠતો જતો હતો. અમે સાંજે ચાર વાગે ઘેર

જવાને બદલે એક સાંકડી શેરીમાંથી ગામને પાદર પહોંચ્યા ને ત્યાંથી મેલડીને રસ્તે ઊપડ્યા.

થોડેક ગયા એટલે એક ડોસો મળ્યો ને અમને ટપાર્યા : " એલા છોકરાઓ ! એ રસ્તે ક્યાં ચાલ્યા ? ત્યાં કાંટ્યમાં માતાનું થાનક છે, ઓલી આંબલીવાળી ! પરમ દહાડે રામપરનો ગરાશિયો ભૂલો પડેલો ને ત્યાં ગયેલો એટલે ગાંડો થઈ ગયો છે; ને કાતરા ખાય એની તો આંખો જ કાઢી લે છે."

અમે બધા છોકરા ખરા ને ? હસવા મંડ્યાં ને જરા પણ ધ્યાન આપ્યા વિના આગળ ચાલ્યા. ડોસો કહે : " મોત આવ્યું લાગે છે ! પાછા વળો પાછા, નહિતર...."

પણ અમે તો આગળ વધ્યા ને ડોસો અમારી પાછળ જોતો જ રહ્યો.

ભાસ્કર કહે : " જુઓ ભાઈ ! આ વખતે મેં કાંઈ સાથે નથી લીધું, પણ કાતરા પાડવા આ એક છરી છે."

---

ટપારવું=રોકીને સવાલ કરવો   થાનક=આસન; ઠેકાણું



ગોપાળ કહે : " છરી પણ ન જોઈએ. તો તો બધા કહેશે કે સાથે લોઢું હતું ના ?"

દામુ કહે : " એમ તો મારે ગળે જનોઈ છે. કહે છે કે ગળામાં જો જનોઈ હોય તો ભૂત પલિત ન આવે.

મેં કહ્યું : " તો જનોઈ અને છરીને આ કેરડાના થડમાં ચાલો દાટી દઈએ."

દામુ કહે : " પણ મારે માથે ચોટલી છે. ને કહે છે કે ચોટલીને ગાંઠ વાળી હોય ત્યાં સુધી કોઈનું આપણા પર ચાલે જ નહિ."

ભાસ્કર કહે : " તો ચાલો, ચોટલીને કાપી નાખીએ."

ગોપાળ કહે : " ના ના; કાપશો તો તો એના બાપા વઢશે. એણે ચોટલીની ગાંઠ ન વાળવી એટલે બસ."

બધા આટલું કરી આગળ વધ્યા. થોડે દૂર ગયા એટલે બે ડુંગરા વચ્ચેની ગાળી આવી. અહીં સુધી રસ્તો હતો, પણ હવે રસ્તો ન હતો. બાર વર્ષે જ્યાં એક જ વાર માત્ર ભૂવો જાય ત્યાં રસ્તો

ક્યાંથી હોય? એક જેવી તેવી કેડી હતી. અમે સૌ તે ઉપર ચાલ્યા.

દૂરથી ખીણમાં આંબલી દેખાઈ. જાણે એક મોટું વાદળું. આંબલી લીલીછમ જેવી, ને મોટા ડુંગરા જેવડી હતી.

મેં કહ્યું: "એ પેલી આંબલી દેખાય. ચાલો હવે હિંમત રાખજો. જોજો, નકામા કોઈ બીશો નહિ. વખતે ઠેસ લાગે ને પડી જવાય કે અમસ્તું કંઈ લાગે તો ભડકશો નહિ."

બધાએ ખોંખારા માર્યા ને છાતી ઠોકી: "અરે હવે શાના બીએ? આજ તો મેલડીનો પથરો જ ઉખેડી નાખવો છે! એને ઉપાડીને ગામમાં જ લાવવો છે. આ કળશો છે એમાં ખોખલી વાવનું પાણી ભરતાં જવું છે."

થોડી વારમાં બધાં આંબલી પાસે આવી પહોંચ્યા. આંબલી ખરેખર સુંદર હતી; ઘટાદાર હતી. નીચે એક નાની એવી છાવણી પડે એટલો એનો છાંયો હતો. પાસે જ મજાની વાવ હતી. આસપાસ ડુંગરા, વચ્ચે ગાળી ને તેમાં આ વાવ ને આંબલી; ખરેખર અદ્‌ભુત અને રમ્ય સ્થળ હતું! વારંવાર આવવા જેવું હતું. મને થયું: "કેવું મજાનું સ્થળ! બીકમાં ને બીકમાં લોકોએ કેવળ તજી દીધું છે."

કેડી=પગથી



અમે તો જોઈને ખુશી જ થઈ ગયા. થડ પાસે મેલડી માતાનો પથરો હતો; તે ઉપર સિંદૂર ચોપડેલો હતો.

દામુ અને ગોપાળ તો ક્યારના ઉપર ચડીને પાકા પાકા કાતરાની ઝોળી ભરતા હતા. ને ભાસ્કર વાવના ટોડા ઉપર ઊભો ઊભો અંદરનું પાણી જોતો હતો. હું નિરાંતે બેઠો.

પા કલાક, અડધો કલાક, કલાક, બે કલાક ચાલ્યા ગયા પણ મેલડીબેલડી કોઈ જ આવ્યું નહિ. ગોપાળ અને દામુએ તો ઢગલેઢગલા કાતરા પાડ્યા. મેં કહ્યું: "ચાલો, હવે આ મેલડીને ખોદીને લઈ જઈએ."

અમે બધા ભેગા થયા. ચંદુ ક્યાંકથી ખોદવા માટે લોઢાનો કટકો લઈ આવ્યો ને અમે મેલડી માને ખોદ્યાં.

મેં કહ્યું : " કોઈ બીતા નથી ના ? "

દાસુ કહે : " હવે તે બીવાનું હોય ? આ તો પથરો છે. અમસ્તા લોકો બિવરાવે છે. "

" મેલડી માતાકી જે ! " કરીને અમે ખૂબ હસ્યા ને પથરાને એક કોર મૂકી તેના ઉપર આંબલીનો હમલો કર્યો.

સાંજ પડવા આવી હતી; દેખાવ બહુ સુંદર હતો. પછી અમે વાવમાં ઊતર્યા. વાવને સત્તાવન તો પગથિયાં હતાં. ઠેઠ નીચે ગયા. જઈને પાણી પીધું. પાણીમાં કબૂતરોની ચરક ને એવું હતું તેથી પાણી બહુ સારું ન લાગ્યું. ચંદુએ કળશો ભરી લીધો.

પછી અમે થોડી વાર બેઠા. વિચાર કરતા બેઠા કે ક્યાંઠથી મેલડીબેલડી નીકળે છે? આંબલી હલીને ફાટે છે ? કે વાવ ઊભરાઈને બહાર વહે છે ? પણ એવું કંઈ જ ન બન્યું; અને અમે પાછા ચાલ્યા.

રાત પડતાં ઘેર આવ્યા. ઘેર તો શોધાશોધ થઈ રહી હતી. ચંદુની બા તો રડવા જ બેસી



ગયાં હતાં. ગોપાળના બાપા લાકડી લઈને એને શોધવા નીકળ્યા હતા.

અમે શેરીમાં આવ્યા. મોટો પથરો અમે ઉપાડેલો, ખિસ્સાં કાતરાથી ભરેલાં ને ચંદુના હાથમાં પાણીનો લોટો !

" લઈ લ્યો આ તમારી ખોખલી વાવનું પાણી. ને આ ત્યાંની આંબલી ને આ મેલડી મા ! " એટલું કહ્યું ને શેરી તો હબકી ગઈ!

" અરરર, છોકરાઓ ! હવે તમારું શું થશે ? માતા તમને જીવતા કેમ રે'વા દેશે ? "

ગોપાળના બાપા તો રાડો પાડીને કહે : " છોકરો કાંઈ થયો છે ! દેવદેરાં મૂકીને ઈ મેલ-ડીનાં ઠીંસરાં કરવા ગયો ? "

આખી શેરીમાં કકળાટ થઈ રહ્યો.

અમે કહ્યું : " અરે, અમને કાંઈ થવાનું નથી. અમારો વાળ વાંકો થવાનો નથી. એવી મેલડીબેલડીને તમે માનો ને તમે બીઓ ! "

અમે તો વાળુ કરીને સૂતા તે વહેલી પડી સવાર. ખૂબ થાકેલા એટલે રાતમાં પાણી પીવા પણ જાગ્યા નહિ.

પણ આખી રાત અમારાં માબાપને ને આખી શેરીને પૂરી ઊંઘ આવી નહિ. "હાય હાય, કાંઈક થશે તો? હાય હાય, મેલડી શેરી આખી ઉપર તો નારાજ નહિ થાય?"

અમને કાંઈ જ થયું નહિ.

હવે અમારી હિંમત વિષે માબાપોને પણ કંઈક ખાતરી થઈ હતી; આ બધા વહેમો ખોટા છે એમ પણ તેમને લાગ્યું હતું. અમે નાનાં સાહસ તો રોજ કરવા જતા, પણ કોઈને ખબર ન પડતી. અમારે ખાતરી જ કરવી હતી કે લોકોના આવી જાતના વહેમોમાં કશું જ સાચું નથી.

એમ કરતાં નવરાત્રના દિવસો આવ્યા. એ દિવસોમાં ચોસઠ જોગણીઓ ને બાવન વીર નીકળે. એ દિવસોની રાત્રે સ્મશાનમાં તંત્રમંત્રની વિદ્યા-વાળા તંત્રમંત્રની સાધના કરે. એ દિવસો સૌ બીએ, બહુ જ બીએ.

અમે બધાંએ વિચાર કર્યો કે એક રાત્રે સ્મશાનમાં જ જવું ને જોવું કે ત્યાં શું છે. વાર્તાઓમાં લખેલું છે એમાંનું કશું જોવાતું મળે છે કે નહિ.



નવરાત્રમાં ગામમાં ગરબીમાતાઓ જોવા અમે નીકળ્યા અને ત્યાંથી જ પાંચે જણા સ્મશાન ભણી ચાલ્યા. બીજું કશું તો અમારે અમારી સાથે રાખવાનું હતું જ નહિ; અમે હથિયારમાં માત્ર અમારી છાતીને જ લઈને જતા હતા. પણ આ વખતે મીણબત્તી ને દીવાસળી અમે સાથે રાખી; ઉપરાંત રાખના ઢગલા વરખોળવા એક લાકડી પણ લીધી.

સ્મશાનમાં આવ્યા; સાંજે કોઈને બાળેલું હતું એટલે એક ખૂણે ઓલવાઈ જતી ચિતા બળી રહી હતી. રસ્તામાં નાળિયેરનાં છોલાં ને મડદા પરનાં કપડાંનાં ચીંથરાં ઊડતાં હતાં. જ્યાં ત્યાં પગે હાડકાં અથડાતાં હતાં. તે ધોળાં હોવાથી ઝટ નજરે ચડતાં હતાં. આસપાસ ચારેકોર ઊગી નીકળેલાં ઝાડોના છાંયાથી અંધારું વધારે લાગતું હતું, શાંતિ પણ ખૂબ હતી; માત્ર વચ્ચે ઘુવડ ઘૂ ઘૂ કરીને ઘૂઘવતું હતું, ને ચીબરી તીણી ચીસ પાડતી હતી.

સ્મશાનના દરવાજા પાસે જ આ દેખાવ જોઈ એક વાર તો અમે થંભી ગયા; જરા છાતી થડકી પણ ગઈ. પણ એકબીજાએ એકબીજાને

હિંમત આપવા ખોંખારા ખાધા.

"ચાલો ત્યારે, હવે સ્મશાનની ચારે બાજુએ ફરીએ."

દામુ કહે : "હમણાં ફરવા ન જઈએ. અહીં બેસીને જોઈએ કે ભૂત, પ્રેત, ખવીસ, ડાકણ, કોઈ દેખાય છે કે નહિ. વખતે...."

ચંદુ કહે : "એલા ગાંડા ! વખતે નીકળે એમ માને છે ? એ તો ખોટું જ છે."

ગોપાળ કહે : "પણ આપણે તો ખાતરી કરવા આવ્યા છીએ ના ? નીકળશે તો જોશું કે કેવાં છે."

મેં કહ્યું : "કોઈ નીકળતું નથી; કોઈ હોય તો નીકળે ના ? ચાલો ચાલો, રખડીએ."

જમણી બાજુએ અમે ચાલ્યા. લાકડી પછાડતો પછાડતો હું આગળ જતો હતો.

ખરરર કરતું શિયાળ ભાગ્યું ને અમે જરાક હબક્યા : "એલા, કંઈક નીકળ્યું !"

પણ એ તો શિયાળ હતું.

અમે એક રાખના ઢગલા પાસે ગયા ને તેની રાખ હાથમાં લીધી. ઢગલાને વીંખ્યો ને તેમાંથી હાડકાં કાઢ્યાં.



ત્યાં ભાસ્કર કહે : "કંઈક ખખડે છે."

હા, કંઈક ખખડતું તો હતું જ. ખરખર ખરખર, કોઈ હાથે કરીને ખોદતું હતું એમ લાગ્યું. અમારાં રૂંવાડાં બેઠાં થયાં. દામુ બાજુએથી અમારી પાસે આવી ગયો; પગ જરા ઢીલા થઈ ગયા.

ચંદુ કહે : "ચાલો, જે દિશામાંથી અવાજ આવે છે એ દિશામાં જઈને જોઈએ. હવે બીવાનું શું ? ને એમ કરતાં ડાકણશાકણ દેખાય તો જોયું જશે. અને કદાચ કોઈને ખાઈ જાય તો બાકીના ઘેર જઈને કહેજો કે ડાકણની વાત તો ભાઈ સાચી !"

પગ પાછા પડતા હતા પણ સૌની હિંમતે સૌ ચાલ્યા. ખોદવાનો અવાજ નજીક આવતો ગયો; અમારી છાતી ધબક ધબક થવા લાગી.

અમે છેક નજીક પહોંચ્યા; તોપણ કંઈ દેખાયું નહિ. છતાં ખોદાય છે એમ તો લાગ્યું. "શું હશે ? કોણ ખોદતું હશે ?"

અમે ધારી ધારીને જોવા લાગ્યા. કાળો કાળો નાનો એવો ડગલો લાગ્યો. દામુ ધ્રૂજતો હતો; ચંદુ મારી પાછળ ઊભો હતો; ગોપાળ ભાસ્કરને કહેતો

હતો: "ભાસ્કર! મીણબત્તી સળગાવ જોઈએ ?"

ભાસ્કર મીણબત્તી સળગાવવા મહેનત કરતો હતો પણ તેનો હાથ ધ્રૂજતો હતો ને દીવાસળી ઓલવાઈ જતી હતી.

ત્યાં તો લીલી ચકચકીત જાણે બે બત્તીઓ હોય એવું દેખાયું ને ભાસ્કર કહે: "માર્યા!" એના હાથમાંની મીણબત્તી પડી ગઈ. મને એટલું યાદ છે કે પછી મેં એક લાકડી ઉપાડીને એવા તો જોરથી મારી કે કડાક કરતો કડાકો થયો ને કંઈક ભસ દેતું ને હેઠું પડ્યું.

મેં કહ્યું: "અરે, ડરો નહિ!" મેં મારા ખિસ્સામાં રાખેલી દીવાસળી સળગાવી ને જોયું તો એક ઘોરખોદિયું હતું. અરે એ જુવાનો! બેસી કાં ગયા? જુઓ, આ તો ઘોરખોદિયું છે!"

ભાસ્કરે મીણબત્તી સળગાવી. અમે જોયું તો એક નાના બચ્ચાને ભોંયમાં દાટેલું તે ઘોરખોદિયાએ બહાર કાઢ્યું હતું. લગભગ બધું વીંખી નાખેલું. અમે ખાડો સરખો કરી ફરી વાર દાટી દીધું ને આગળ ચાલ્યા.

મેં કહ્યું: "જો દામુ! આમ જ આપણે



ઘણી વાર બહુ બીઈ જઈએ છીએ; ને એમાં હોતું તો કંઈ જ નથી."

દામુ જરા શરમાઈ ગયો. તે કહે: "જરા બીક તો લાગી ગઈ હતી."

અમે ફરતા હતા એટલામાં દૂર એક ઝાડ નીચે અમે દીવો જોયો. અમે ચમક્યા. "દીવો શાનો? કોણ હશે? શું કરતું હશે?" ધીમે ધીમે અમે દીવા તરફ ગયા. નજીક જતા ગયા એમ એમ જે હતું તે ચોખ્ખું દેખાવા લાગ્યું. પ્રથમ તો અમે જોઈને જ ખરેખર હબકી ગયા. અમે વાર્તાઓમાં જે ભયંકર દેખાવો વિષે વાંચેલું તેવો જ ભયંકર દેખાવ હતો. આંબલીનું ઘટાદાર ઝાડ હતું; નીચે ચારે બાજુ ચાર દીવાઓ બળતા હતા—માટીના કોડિયામાં નહિ પણ લોટનાં કોડિયામાં; એક એક કોડિયામાં સાત સાત વાટો હતી; વચ્ચે એક માણસ બેઠો હતો; એના વાળ છૂટા હતા ને કપાળે સિંદૂર લગાડેલો હતો; ડિલ ઉઘાડું હતું; ગળામાં હાડકાંની માળા હતી; સામે બાકળા એટલે અડદ, પૂડલા, ખીર સાકરકોળું એવું બલિદાન હતું; એની જમણી બાજુએ છરો હતો ને ડાબી બાજુએ બકરો હતો;

માણસ ધ્યાનમાં બેઠો હતો; મંત્રો બોલતો જતો હતો અને વારે વારે ત્યાં સળગાવેલી આગમાં ઘી અને બાકળા નાખતો જતો હતો.

આગળ કહ્યું તેમ આ જોઈ અમે હબકી ગયા હતા. ગોપાળ કહે: "જોયું, એ ભૂતપ્રેતની સાધના કરે છે. હમણાં કોઈ ભૂતપ્રેત આવશે ને બલિદાન ખાઈ જશે. પછી કહેશે: 'માગ, માગ!' અને આ માણસ વરદાન માગશે."

ભાસ્કર કહે: "આપણે પણે લીમડા ઉપર ચડીને એ બધું જોઈશું!"

મને એકાએક કંઈક સૂઝયું. મેં કહ્યું: "આમ આવો. ચાલો આપણે પોતે જ ભૂત થઈને બલિદાન માગવા જઈએ. પછી જોઈએ શું થાય છે."

મેં કહ્યા પ્રમાણે ઘડીકમાં અમે બધા ભૂત બન્યા. અમે લૂગડાં કાઢી નાખ્યાં; રાખના ઢગલામાંથી રાખ લઈને આખે ડિલે એ ચોળી; કોઈએ તૂટેલો માટીનો ઘડો લીધો, કોઈએ બેચાર હાડકાં ઉપાડ્યાં, કોઈએ લીમડાની ડાળ લીધી. બધા ખરેખર ભયંકર લાગતા હતા.

પછી અમે ધીમે ધીમે પેલા માણસની પાછળના ભાગમાં ગયા અને નજીક પહોંચ્યા એટલે



"હાઉ, હાઉ, હાઉ,!" કરીને એની ફરતા ફરી વળ્યા. હું, દામુ, ગોપાળ, ભાસ્કર ને ચંદુ એટલાં અમે ભૂતડાં. એ બિચારો તો હાકાબાકા થઈ ગયો. "બાપ બાપ!" કરતો ને ઊભો થઈ ગયો. "બાપ વોય, બાપવોય!" કરતો કરતો એ તો ત્યાંથી ઊભી પૂંછડીએ ગામ ભણી નાઠો! એ મોઢા આગળ અને અમે એની પાછળ. "હાઉ હાઉ હાઉ હાઉ! હી હી, હી હી! હુ હુ!" ઠેઠ પાદર સુધી એને હાંકી આવ્યા. બિચારો બીકમાં ને બીકમાં પોતાની તલવાર ને લોટો ને છરી ને એવું ભૂલી ગયેલો.

અમે તો હવે ભૂતડાં બન્યા હતા એટલે પાછા હાઉ હાઉ કરતાં સ્મશાનમાં આવ્યા. આવીને ચંદુ કહે: "ચાલો, હવે આ બલિદાન આપણે જ ખાઈ જઈએ." અને અમે બધા ખીર ને પૂડલા ખાઈ ગયા; બકરાને હાંકી મૂક્યું ને તલવારને એક ઝાડ નીચે દાટી રાખી.

ગોપાળ કહે: "ચાલો, હવે ચારેક વાગવા આવ્યા છે; ઘરભેગા થઈ જઈએ નહિતર માબાપ આ વાત જાણી જશે."

રાત્રે છાનામાનાં આવીને સૂઈ ગયા.

અમને તો કોઈને તાવ ન આવ્યો ને

કાંઈએ ન થયું. પણ ગામમાં રેવાશંકર મહારાજ મૂંગા થઈ ગયેલા. ન બોલે કે ચાલે! ચારેકોર આમ આમ ડોળા ફેરવે અને વારે વારે બીધા કરે. રેવાશંકર મહારાજ માતાજીના ભક્ત હતા; અને એ જ રાત્રે મંત્ર સાધવા ગયેલા. અને એને જ અમે ભૂતોએ બિવરાવેલા એટલે બીક એને વળગેલી!

અમે વિચાર કર્યો કે હવે વાત ઉઘાડી કરવી જોઈએ, નહિતર આ બ્રાહ્મણ મરી જશે.

અમે પાંચે જણા મહારાજ પાસે ગયા ને કહ્યું : " મહારાજ! શું થાય છે?"

મહારાજ તો કાંઈ બોલે કે ચાલે, વારે વારે ઝબકે.

પછી મેં કહ્યું : " કાં મહારાજ! અમને ઓળખ્યા કે? સ્મશાનમાં તમારી પાછળ જે ભૂતડાં દોડ્યાંતાં એ તો અમે હતા."

મહારાજ કહે: " હેં! હોય નહિ, એ તો મસાણનાં ભૂતડાં હતાં."

" અરે! એ અમે પોતે જ. તમને પાદર સુધી ભગાડીને તમારું બલિદાન પણ ખાઈ ગયા હતા!"



" ને તમને માતા ભરખી નથી ગયાં?"

" ભરખે કોને, અમને કે તમને? બીએ એને ભરખે."

મહારાજ કહે : " કોણ જાણે. પણ કાંઈક દાખલો આપો."

દામુએ તલવાર બતાવી ને લોટો આપ્યો. " લ્યો. આ તમારાં કે? ને બકરું તો અમે છોડી મૂક્યું છે. બ્રાહ્મણ થઈને બકરું મારવા લાવ્યા હતા કે?"

" પણ તમે તો અસલ ભૂતડાં જેવા દેખાતા હતા!"

" તે આપણે જ ભૂતડા છીએ ના? ત્યાં બીજાં ભૂતડાં ક્યાં હતાં?"

મહારાજ કહે : " તમે તો ભારે કરી!"

પછી મેં પૂછ્યું : " હેં મહારાજ! આ તો અમે હતાં; પણ સાચેસાચ ભૂતડાં આવ્યાં હોત તો શું થાત?"

" તે સાચેસાચાં ભૂતડાં બલિદાન લેવા આવે નહિ. મેં તો કોઈ દિવસ ભાળ્યાં નથી.

---

દાખલો=પુરાવો

પણ આપણે મંત્રસાધના કરીને ચાલ્યા જઈએ એટલે પાછળથી ભૂતડાં આવી બલિદાન ખાઈ જતાં હશે.”

“ઓહો! ત્યારે વાતો તો બહુ મોટી ચાલે છે!”

ગામ આખમાં ખબર પડી ગઈ કે આ રખડુ લોકોએ ગજબ કર્યો!

પછીથી અમારી ટોળીમાં બીજા છોકરાઓ ભળવા લાગ્યા. અમે તો રોજ ને રોજ કંઈક સાહસ કરીને જ આવીએ. ગામની આજુબાજુ એવી વહેમવાળી જગાઓ ઘણી હતી.

એક વાર અમે જન જોવાનો વિચાર કર્યો. જન એટલે જીન. કહે છે કે હિંદુઓમાંથી મરનાર ભૂત થાય ને મુસલમાનમાંથી જન થાય. જન ખૂબ ઊંચો હોય, ધોળાં લૂંગડાં પહેરે, ખાવાનો અને સંગીત સાંભળવાનો શોખીન હોય, અત્તર-બત્તર લગાડે.

અમે રાતના અગિયાર વાગે ઊપડ્યા. અમે પાંચ તો હતા જ; આ વખતે લખુ ને જીવન બે વધ્યા હતા.



સાતે જણા આવીને જનની વાવના ટોડા પાસે બેઠા.

એક ગાડાવાળો નીકળ્યો. તે કહે: “એલા હવે ચાલ્યા જાઓ. જાણતા નથી અહીં તો તમારો કાકો જન થાય છે? બાર વાગે વાવમાંથી નીકળીને તમને...”

મેં કહ્યું: “આ, એ જનને જોવા સારુ જ બેઠા છીએ!”

ગાડાવાળો કહે: “મોત આવ્યું લાગે છે, મોત!”

ગોપાળ કહે: “હે ભૂંડા! ખેડૂત થઈને બીએ છે? માનો પૂતર હો તો આવ અમારી ભેગો! તારો વાળ વાંકો થાય તો કહેજે.”

ગાડાવાળો કહે: “ના રે, ભાઈ! તમારું તો મોત આવ્યું છે. જોજો, કાલે ઊંધા થઈને પડો તે!”

ગાડાવાળો ગયો અને અમે જનની રાહ જોતા બેઠા. લખુડો નવો હતો એટલે હોંશીલો હતો. તે કહે: “કાકા! નીકળો, હવે નીકળો!”

પણ કોણ નીકળે?

બાર વાગ્યા; સાડા બાર ને એક થયો. કોઈ ન નીકળ્યું. પારેવાં વારેવારે ઊડીને વાવમાં ગડબડ કરતાં હતાં. અડધી રાતે વચ્ચે વચ્ચે ઘૂઘવતાં હતાં, ત્યારે સહેજ ભયંકર લાગતું હતું. નજીકમાં એક પીરસાહેબની ધોળી ધજા ઊડતી હતી તે માણસ જેવી લાગતી હતી; દૂરથી જાણે કોઈ માણસ ઊભો છે એમ લાગે.

અમે વિચાર કર્યો : "ચાલો ત્યારે, સાથે સાથે વાવનું પાણી પણ પીતાં જઈએ."

પગથિયાં સંભાળીને ઊતરી શકાય માટે ચંદુએ મીણબત્તી કરી. અમે બધા વાવમાં ઊતર્યા. મીઠું પાણી પીધું ને ઉપર આવી સૌ સૌને ઘેર ગયા.

જેને જેને ખબર પડી તે બધા કહે: "જો છોકરાઓ! મોતના ધંધા કરો મા, કરો મા!" પણ અમને તો આ બધી વાત ખોટી જ છે એવી ખાતરી થયેલી એટલે પછી અમે શાના ડરીએ?

☆